# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૭/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# SGCCI પોર્ટલનો લોકાર્પણ સમારોહ યોજાયો, પોર્ટલ માટે ચેમ્બર અને યસ બેંક વચ્ચે એમઓયુ થયા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, તા. ૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૭:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ, સુરત ખાતે SGCCI પોર્ટલનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને યસ બેંકના ગૃપ પ્રેસિડેન્ટ એન્ડ ચીફ પ્રોડકટ ઓફિસર શ્રી ધવન શાહે SGCCI પોર્ટલ માટે એમઓયુ સાઇન કર્યા હતા. લોકાર્પણ સમારોહમાં યસ બેંકના પ્રેસિડેન્ટ એન્ડ રિજનલ બિઝનેસ હેડ શ્રી પંકજ પોપટ અને યસ બેંકના એકઝીકયુટીવ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી ક્રિષ્ણા કામત ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બરે ડિજીટલાઇઝ્ડ અને વધારે એકટીવ થવા માટે પોર્ટલ લોન્ચ કર્યુ છે. ચેમ્બરના દરેક સભ્યની વેપાર – ઉદ્યોગને લગતી માહિતી આ પોર્ટલ ઉપર ઉપલબ્ધ થશે. એકજ પ્લેટફોર્મ પરથી સભ્યોને એકબીજાની સાથે સીધી જ બી ટુ બી બિઝનેસ કરવાની વિશાળ તક પોર્ટલ થકી મળી રહેશે.

તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત ચેમ્બર અને બેંક વચ્ચે પોર્ટલ માટે ટાયઅપ થયુ હશે. ચેમ્બરના ૮૫૦૦થી વધુ સભ્યોને કોમન પ્લેટફોર્મ પૂરુ પાડવા માટે આ પોર્ટલ બનાવવામાં આવ્યુ છે. મોટી મોટી કંપનીઓની જેમ ચેમ્બરના સભ્યો પણ પોર્ટલ થકી વેબ બેઇઝ્ડ બિઝનેસ કરી શકશે.

ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલ હેડ શ્રી અતુલ પાઠકે જણાવ્યુ હતુ કે, આ પોર્ટલ મલ્ટી યુટીલિટી અને મલ્ટી ફંકશન ટૂલ્સ છે. ચેમ્બરના એકઝીબીશન્સ, ઇવેન્ટ્સ, સ્ટોલ તથા હોલ બુકીગની પ્રોસેસ પોર્ટલ થકી થશે. ચેમ્બરના સભ્યોને આપવામાં આવતા સર્ટિફિકટ ઓફ ઓરીજિન પણ ડિજીટલાઇઝ્ડ થઇ જશે અને પોર્ટલ થકી તેની કામગીરી કરવામાં આવશે.

ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના કન્વીનર શ્રી હરીવદન રાણા અને શ્રી મયંક દલાલે સમારોહમાં પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.